### વીજ કંપનીની બેદરકારીના કારણે ટાંકી પાસે પાણીની લાઈન તૂટતા હજારો લીટર પાણીનો વ્યય

# નડિયાદ સંતરામેશ્વર મહાદેવ પાસે જળબંબાકાર

**પાણી ઘટતા** અનેક ઘરો સુધી ઓછુ પાણી પહોંચ્યુ, મનપાએ તાત્કાલિક સમારકામ કરાવ્યુ





તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદમાં સંતરામેશ્વર મહાદેવ મંદિર પાસે મનપાની પાણીની ટાંકી આવેલી છે. આ પાણીની ટાંકીની પાસે ગતરોજ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખોદકામ કરવામાં આવ્યુ હતુ, જે વખતે પાણીની લાઈન તોડી નાખી હતી. જેથી ગઈકાલથી આજે બપોર સુધી પાણીનો વ્યય થયો હતો. ગતરોજ સાંજે અને આજે સવારે આ ટાંકીથી જેટલા મકાનોમાં પાણી જાય છે, ત્યાં ઓછા પ્રમાણમાં પાણી પહોંચ્યુ હતુ.

નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં સંતરામેશ્વર મહાદેવ મંદિર પાસે મહાનગરપાલિકાની પાણીની ટાંકી આવેલી છે, જે ટાંકી થકી આસપાસના તમામ વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવે છે. આ પાણીની ટાંકીની મુખ્ય લાઈન બહારના રોડ પર પસાર થાય છે, જ્યાં ગઈકાલે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખોદકામ કરવામાં આવ્યુ હતુ. આ ખાડો ખોદતા સમયે પાણીની મુખ્ય લાઈન તૂટી ગઈ હતી. જેના કારણે આ ટાંકીની આસપાસના 100 મીટરના વિસ્તારમાં પાણી રેલાયા હતા. પાણીની ટાંકીથી છેક નારાયણ પાર્ક સુધી ખાબોચિયા ભરાયા હતા અને મોડી સાંજથી મંગળવારે બપોર સુધી પાણી નીકળી રહ્યુ હતુ. અત્રે તમામ મોટી સોસાયટીઓ આવેલી હોય અને ખૂબ મોટી સંખ્યામાં લોકો રહેતા હોય, તેમને પાણી ભરાવાના કારણે હાલાકી વેઠવાનો વખત આવ્યો હતો. વીજ વિભાગની બેદરકારીના કારણે ગતરોજથી આજ સુધી હજારો લિટર પાણીનો વ્યય થયો હતો. આજે સવાર સુધી પાણીનો પ્રવાહ ચાલુ રહ્યો હતો, જેથી મનપા પ્રશાસન તેનું સમારકામ કરી શક્યુ નહોતુ. તેમજ આ ટાંકી થકી જે વિસ્તારોમાં પાણી સપ્લાય થાય છે, ત્યાં ખૂબ ઓછી માત્રામાં પાણી પહોંચ્યુ હતુ. જો કે, આજે બપોર બાદ મનપા ટીમ દ્વારા આ લીકેજનું સમારકામ કરી નાખવામાં આવ્યુ હતુ.

# મ'વાદ CHCના ડોક્ટર ખાનગી હોસ્પિટલ ધરાવતા હોવાની રાવ

**ફરીયાદીએ** પુરાવા રજૂ કરી કલેક્ટરને લેખિત ફરીયાદ આપી



(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

મહેમદાવાદના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડો. બ્રિજેશ પંચાલ સામે પુરાવાઓ રજૂ કરીને કલેક્ટરને લેખિત ફરીયાદ આપવામાં આવી છે. ડો. બ્રિજેશ સરકારી કર્મચારી હોવા છતાં તેઓ મણિનગર ખાતે પોતાની ખાનગી પ્રમુખ હોસ્પિટલ ચલાવી રહ્યા હોવા ઉપરાંત રીયલ એસ્ટેટના વ્યવસાયમાં સંકળાયેલા હોય, સામુહિક આરોગ્ય કેન્દ્રમાં યોગ્ય ફરજ ન બજાવી માત્ર સરકારી પગાર લઈ રહ્યા હોવાના આક્ષેપ ઉઠ્યા છે.

મહેમદાવાદના અનિલ વાઘેલાએ કલેક્ટરને કરેલી ફરીયાદમાં 10 મુદ્દા ટાંક્યા છે. સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડો. બ્રિજેશ પંચાલની ફરજમાં લાલીયાવાડી અને તેમની અન્ય કામોમાં સંડોવણી અંગે પુરાવા રજૂ કરી ફરીયાદ કરી છે. ખાસ કરીને આ ડો. બ્રિજેશ પંચાલ આરોગ્ય વિભાગના સરકારી કર્મચારી હોવા છતાં અમદાવાદના મણિનગર રેલવે ક્રોસિંગ પાસે ઈશ્વર મેડીકલની પાછળ પ્રમુખ હોસ્પિટલ નામની ખાનગી હોસ્પિટલ ચલાવી રહ્યા છે. આ હોસ્પિટલના તમામ બોર્ડમાં જાહેરમાં ડો. બ્રિજેશ પંચાલનું નામ લખેલુ છે. જેથી સરકારી નિયમોનું ઉલ્લંઘન કરી તે ખાનગી હોસ્પિટલ ચલાવી અને ત્યાં પ્રેક્ટિસ કરતા હોવાના આક્ષેપ કર્યા છે. આ અંગે ફરીયાદીએ જણાવ્યુ છે કે, જો બપોર પછીના આ પ્રમુખ હોસ્પિટલના સીસીટીવી ચકાસવામાં આવે તો ડો. બ્રિજેશ પંચાલની ત્યાં હાજરી પણ મળી આવે તેમ છે. આ ઉપરાંત તેઓ મહેમદાવાદ સામુહિક આરોગ્ય કેન્દ્રના કાયમી ડોક્ટર હોવા છતાં મહેમદાવાદમાં રેસીડન્સ ધરાવતા નથી અને અમદાવાદથી જ આવતા હોવાનું પણ જણાવ્યું છે. ડોક્ટર સામુહિક આરોગ્ય કેન્દ્રના સમયમાં પણ પોતાનું રીયલ એસ્ટેટનું કામ કરે છે, તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર પર તેમની ફરજનું પાલન ન કરતા હોવાના પણ આરોપ લાગ્યા છે. આ મામલે ઉંડાણપૂર્વક તપાસ કરી કાર્યવાહી કરવાની માંગણી ફરીયાદીએ કરી છે.

### તપાસ કર્યા વિના કંઈ ન કહી શકુ: આરોગ્ય અધિકારી

આ સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય અધિકારી વી. એસ. ધ્રુવેનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે, આ અંગે તપાસ કર્યા વિના કંઈ કહી ન શકુ. અન્ય કોઈ બ્રિજેશ પંચાલ પણ હોઈ શકે. જેથી તપાસ કર્યા પછી જ ચોક્કસ વાત કરી શકીશ. આ અંગે ડો. બ્રિજેશ પંચાલનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા તેમણે કોલ રીસીવ કર્યા નહોતા.

### ડૉ.બ્રિજેશ પંચાલ સામે પૂરાવા સહ આરોપ લગાવ્યા

- **પ્રમુખ હોસ્પિટલ** નામની ખાનગી હોસ્પિટલ ધરાવે છે. જેમાં પુરાવા તરીકે હોસ્પિટલના જાહેર બોર્ડ અને પેમ્પલેટમાં ડો. બ્રિજેશ પંચાલનું નામ અને સંપર્ક નંબર લખાયો છે.
- **મહેમદાવાદ સામુહિક** આરોગ્ય કેન્દ્રના કાયમી ડોક્ટર હોવા છતાં મહેમદાવાદમાં રેસીડન્સ ધરાવતા નથી અને રોજ અમદાવાદથી અપડાઉન કરે છે.
- **ડો. બ્રિજેશ પંચાલ** પોતે પ્રાઈવેટ હોસ્પિટલ સહિત પોતાનો રીઅલ એસ્ટેટનો ધંધો ધરાવતા હોય અને ધનિક હોય તેઓ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તમામ દર્દીઓ સાથે તોછડુ વર્તન કરે છે.
- **સામુહિક આરોગ્ય** કેન્દ્રમાં ફરજ દરમિયાન પોતાના લેપટોપ અને હેડફોન તેમજ મોબાઈલ દ્વારા રીઅલ એસ્ટેટના - શેરબજારની કામગીરી કરતા હોય છે.
- **સમુહિક આરોગ્ય** કેન્દ્રમાં આવતા દર્દીને મફતમાં બધી સારવાર નહીં મળે તેમ જણાવી પ્રમુખ હોસ્પિટલમાં આવવા માટે દબાણ કરે છે.
- **સામુહિક આરોગ્ય** કેન્દ્રમાં નાઈટ ડ્યુટી દરમિયાન મનમાની કરી દર્દીઓની સારવાર કરતા નથી.
- **રીઅલ એસ્ટેટમાં** મોટા રોકાણકાર તરીકેની છાપ ધરાવતા ડો. બ્રિજેશ પંચાલ સામે અનેક છેતરપીંડીના કેસ ચાલી રહ્યા છે.
- **ડો. બ્રિજેશ પંચાલની** પત્નીએ અમદાવાદ ખોખરા પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદમાં સ્પષ્ટ પણે પોતાના પતિ મણિનગર પાસે પ્રમુખ હોસ્પિટલ ધરાવતા હોવાનું લખાવ્યુ છે.
- **ડો. બ્રિજેશ પંચાલે** પોતાનું મકાન બનાવવા માટે 44.13 લાખમાં કોન્ટ્રાક્ટ આપ્યા બાદ મજૂરોને મજૂરી પેટે ચુકવવાના 12.90 લાખ ન ચુકવતા અમદાવાદ લેબર કોર્ટમાં તેમની સામે ફરીયાદ થયેલી છે.
- **મહેમદાવાદના** કેટલા દર્દીઓએ મણિનગર પ્રમુખ હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ સારવાર કરાવી તે અંગે તપાસ કરાય તો મોટુ કૌભાંડ બહાર આવે તેમ હોવાનું જણાવ્યુ છે.

# ગળતેશ્વરના કુણીથી વનોડાના રસ્તા પર ઝાડી-ઝાંખરથી અકસ્માતનો ભય

**કલેક્ટર** દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીની સુચના છતાં તંત્ર કુંભકર્ણ નિંદ્રામાં છે



(પ્રતિનિધિ) ગળતેશ્વર તા.13

ગળતેશ્વર તાલુકાના કુણી ગામથી વનોડા તરફ જતા રસ્તા પર ઝાડી - ઝાંખરના કારણે વાહન ચાલકોમાં અકસ્માતમાં ભય ઉભો થયો છે. આથી, ગ્રામજનોએ ચોમાસા પહેલા ઝાડી - ઝાંખર દુર કરવા માગણી કરી છે.

ગળતેશ્વર તાલુકાના કુણી ગામમાંથી પસાર થતાં વંનોડા ગામને જોડતાં રોડની સાઈડમાં કેનાલ ખાતાં તથા ફોરેસ્ટ વિભાગ દ્વારા રોપવામાં આવેલા ઝાડની ડાળીઓને કારણે રોડ ઢંકાઈ ગયો છે. જેના કારણે વાહનચાલકોમાં અકસ્માત થવાનો ભય રહે છે. આ કુણી માર્ગ ઉપરથી પસાર થાય છે અને કુણીથી મેનપુરા તરફ વનોડા ગામ તરફથી આવતા વાહનો ચાર રસ્તા પાસે અકસ્માત થવાનો ભય રહે છે. સામેથી આવતા વાહનો જોઈ શકાતા નથી. કુણી ગામમાં આવેલા કેનાલમાં કપડાં ધોવા જતા પગથીયાની આજુબાજુમાં મસમોટા ઝાડી - ઝાંખરા વધી જવાથી ગામ લોકોને મુશ્કેલીમાં વધારો થયો છે. કેનાલ વિભાગના અધિકારીઓ દ્વારા આ ઝાડ કાપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી રહી છે. આ માર્ગેથી સેવાલિયા અને થર્મલ નોકરીયાતો જતા હોય છે. આ અંગે કુણી ગામના સ્થાનિક હુસેનભાઈ શેખ દ્વારા રજુઆત કરવામાં આવી હતી. કુણી ગામમાં આવેલા કપડાં ધોવા માટે બહેનોને ઉતરવા માટે પગથિયા પાસે મસ મોટા ઝાડી ઝાંખરા વધી જવાથી બહેનોને ભય રહે છે.

# આણંદમાં સિવિલ ડિફેન્સ સ્વયંસેવકોની નિમણૂંક કરાશે

તાલુકા પોલીસ સ્ટેશન ખાતે 19મીના રોજ રૂબરૂ ઉપસ્થિત રહેવું

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ જિલ્લાના તમામ તાલુકાઓ ખાતે સિવિલ ડિફેન્સ સ્વયંસેવકોની નિમણૂંક કરવામાં આવશે. જેના માટે આગામી 19મી મેને સોમવારના રોજ સવારે 11 કલાકે આણંદ જિલ્લાના સબંધિત તાલુકા મથકના પોલીસ સ્ટેશન ખાતે નિમણૂંકની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આણંદ તાલુકા માટે આણંદ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે, ઉમરેઠ તાલુકા માટે પોલીસ સ્ટેશન ઉમરેઠ ખાતે, બોરસદ તાલુકા માટે પોલીસ સ્ટેશન બોરસદ ખાતે, આંકલાવ તાલુકા માટે પોલીસ સ્ટેશન આકલાવ ખાતે, પેટલાદ તાલુકા માટે પોલીસ સ્ટેશન પેટલાદ ટાઉન ખાતે, સોજીત્રા તાલુકા માટે પોલીસ સ્ટેશન સોજીત્રા ખાતે, ખંભાત તાલુકા માટે પોલીસ સ્ટેશન ખંભાત ટાઉન ખાતે અને તારાપુર તાલુકા માટે પોલીસ સ્ટેશન તારાપુર ખાતે સવારે ૧૧- ૦૦ કલાકે નિમણૂંકની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જેમાં રસ ધરાવતા (મહિલા અથવા પુરૂષ) વ્યક્તિઓને તેમનું આધારકાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સબંધિત સ્વખર્ચે હાજર રહેવા જણાવાયું છે.

આણંદ જિલ્લામાં નિમણૂક પામનાર આ સિવિલ ડિફેન્સ સ્વયંસેવકોએ આપાતકાલીન પરિસ્થિતિમાં જરૂર પડ્યે તેમની સેવા આપવાની રહેશે અને તે બાબતે તેમને કોઈપણ પ્રકારનું વળતર મળવા પાત્ર રહેશે નહીં. તેમ જણાવવામાં આવ્યું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વીરપુરના વઘાસની શાળાની વિદ્યાર્થિનીએ ધો.12 સામાન્ય પ્રવાહમાં તાલુકામાં પ્રથમ સ્થાને રહી



**વીરપુર** | મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકાના વઘાસ ખાતે આવેલી ઉત્તર બુનિયાદી આદર્શ માધ્યમિક શાળાની વિદ્યાર્થિની બારીયા જાગૃતિબહેન અરવિંદભાઈ (રહે. ભાટપુર)એ ધો.12 સામાન્ય પ્રવાહમાં તાલુકામાં પ્રથમ સ્થાને મેળવ્યું છે. જાગૃતિબહેને કુલ 700 ગુણમાંથી 639 માર્કસ સાથે 91.28 ટકા સાથે ઝળહળતું પરિણામ મેળવ્યું છે. તેમની આ સફળતા બદલ શાળાના આચાર્ય, શિક્ષકોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

### કપડવંજમાં સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગ ખાતે વિશ્વ નર્સ દિવસની ઉજવણી કરવામાં આવી




**કપડવંજ** | કપડવંજમાં સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ નર્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સિપાલ દ્વારા દરેક વિદ્યાર્થીઓને અંગદાન માટેના શપથ લેવડાવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત નર્સની વિવિધ કામગીરી અંગે રંગોળી સ્પર્ધા યોજાઇ હતી. આ પ્રસંગે કરુણા, હિંમત અને પ્રતિબદ્ધતા સાથે દર્દીઓની સેવા કરતી તમામ નર્સ બહેનો અને ભાઇઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. જ્યારે દર્દી અને ડોક્ટર્સ વચ્ચેની મહત્વની કડી એટલે આપણી નર્સ બહેનો અને ભાઈઓ. આપ તમામ જીવનરક્ષક યોદ્ધાઓનો નિષ્ઠાપૂર્ણ કામગીરી બદલ વંદન. તેમ સંકલ્પ એજ્યુકેશન ટ્રસ્ટના નયનભાઈ પટેલે જણાવ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ જિલ્લામાંથી 44 દીકરીએ દુર્ગાવાહિનીના પ્રશિક્ષણ માટે પ્રસ્થાન



**કપડવંજ** | વિશ્વ હિન્દુ પરિષદ -ઉત્તર ગુજરાત પ્રાંત દુર્ગા વાહિની શોર્ય પ્રશિક્ષણ વર્ગ વાસણા મુકામે વિશ્વ હિન્દુ પરિષદ કપડવંજ જિલ્લામાંથી 44 દીકરી દુર્ગા વાહિનીના પ્રશિક્ષણ દ્વારા દીકરીઓમાં શારીરિક માનસિક, બૌદ્ધિક વિકાસ થાય સાથે સાથે રાષ્ટ્ર ભાવના નો વિકાસ થાય તે હેતુસર શોર્ય પ્રશિક્ષણ વર્ગ માં જવા માટે કપડવંજ સંત પુનિત આશ્રમ થી વાસણા મુકામે પ્રસ્થાન કરવામાં આવેલ છે.

### કપડવંજમાં યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ડેપ્યુટી સરપંચ આતરસુંબા ઇલેવન ચેમ્પિયન બની

**કપડવંજ** | કપડવંજ કોલેજ ગ્રાઉન્ડ ખાતે સન્ડે ગ્રુપ અને માલધારી ગ્રુપ દ્વારા આયોજિત જનરલ તથા ઓક્શન ટુર્નામેન્ટ નાઈટ



ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ કપડવંજ પ્રીમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની ફાઈનલ મેચમાં ડેપ્યુટી સરપંચ આતરસુંબા વિરુદ્ધ કાજી ઇલેવન વચ્ચે રમાઈ હતી. જેમાં ભારે રસાકસી બાદ ડેપ્યુટી સરપંચ આતરસુંબા નો ભવ્ય વિજય થયો હતો. ચેમ્પિયન બનેલી ડેપ્યુટી સરપંચ આતરસુંબા ઇલેવન ટીમના ડેપ્યુટી સરપંચ મેહુલ પરીખને ચેમ્પિયન ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા આ ફાઇનલ ટુર્નામેન્ટમાં મહેમાન તરીકે રિટાયર્ડ આર્મીમેનો બચુભાઈ વણકર, જીતેન્દ્રકુમાર પટેલ, મહેન્દ્રસિંહ પરમાર, ધીરજભાઈ પરમાર, કનૈયાલાલ પંચાલ, મનુભાઈ પટેલ અને દિનેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

### વીરપુરના વરધરા ગામે આરોગ્ય વિભાગનો રક્તદાન કેમ્પ યોજાયો



**વીરપુર** | વીરપુર તાલુકાના વરધરા ખાતે બાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના દ્વારા વરધરા ગામના બાબુલનાથ મહાદેવ મંદિરમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી 21 યુનિટ રક્તદાન કર્યું હતું. જ્યારે રક્તદાતાઓને ચા-બિસ્કિટ અને ગિફ્ટ આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. ગ્રામજનો અને આરોગ્ય વિભાગના કર્મચારીઓએ ઉમદા સેવા ભાવનાથી રક્તદાનમાં ભાગ લઈ સરાહનીય કાર્ય કર્યું હતું.

### વસો કેમ્પસ ખાતે કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો વિષે કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીની વસો સ્થિત એગ્રીકલ્ચર કોલેજ કેમ્પસ ખાતે ધોરણ-10 અને ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ, બાગાયત અને અન્ય કૃષિ સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો તેમજ કારકિર્દીની તકો અંગેની વિસ્તૃત માહિતી આપવા માટે વિશેષ સેમિનારનું આયોજન કરાયું હતું. કૃષિ યુનિ.ના કુલપતિ ડો. કે.બી. કથીરીયા અને કુલસચિવ ડો. ગૌતમ આર. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ આયોજીત આ સેમિનારમાં ધોરણ-10 અને ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ, બાગાયત અને અન્ય કૃષિ સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા, ફીની વિગત, કેમ્પસ ખાતે ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક સુવિધાઓ તેમજ કારકિર્દીની તકો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### વિદ્યાનગર સ્થિત સેતુ ટ્રસ્ટ ખાતે સ્વામિનારાયણ સંતોની પધરામણી થઇ

**આણંદ** | વિદ્યાનગર સ્થિત સેતુ ટ્રસ્ટ ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી સ્વામી (કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુર), સ્વામી શુકદેવ પ્રસાદ દાસજી સ્વામી (સ્થાપક, સ્વામિનારાયણ ગોકુલધામ, નાર), સ્વામી કીર્તન સ્વામી, સ્વામી હરિમિલન સ્વામી અને હર્ષ ભગતની



પાવન પધરામણી થઈ અને સંતોના રૂડા આશીર્વાદ મળ્યાં હતાં. આ અવસરે ટ્રસ્ટમાં નિવાસી દિવ્યાંગ, અનાથ, સિંગલ પેરેન્ટ્સ તથા દિવ્યાંગ માતા-પિતા ધરાવતા વિદ્યાર્થીઓ દ્વારા ભજનની સુંદર અને ભાવનાત્મક રજૂઆત કરવામાં આવી હતી, સાથે જ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી અમિત પરમાર દ્વારા મનમોહક મિમિક્રી રજૂ કરવામાં આવી જેનાથી સમગ્ર વાતાવરણ આનંદમય બન્યું હતું. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી પિંકેશ ચૌધરીને શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી સ્વામીના વિશેષ આશીર્વાદ પ્રાપ્ત થયાં હતાં. આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર અને જનરલ સેક્રેટરી પ્રજ્ઞાચક્ષુ સુધાબેન પટેલ, ટ્રસ્ટી રાધાબેન પટેલ, સતિષભાઈ, ખજાનચી ચિરાગભાઈ વિગેરે હાજર રહ્યાં હતાં.

### મહીસાગર જિલ્લામાં જી મેઇનમાં દોશી જાનવીએ 97.67 પર્સન્ટાઇલ રેન્ક મેળવી પ્રથમ સ્થાન મેળવ્યું

**લુણાવાડા** | મહિસાગર જિલ્લામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું હતું. જેમાં કિસાન માધ્યમિક



વિદ્યાલયના વિદ્યાર્થીઓએ અગ્રેસર સ્થાન પ્રાપ્ત કર્યો છે. જ્યારે JEE MAIN માં દોશી જાનવી વિમલકુમાર એ સમગ્ર મહીસાગર જિલ્લામાં 97.67 પર્સન્ટાઇલ રેન્ક મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર જિલ્લામાં કિસાન માધ્યમિક વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. આ ઉત્તમ પરિણામ મેળવવા બદલ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારના તમામ શિક્ષકમિત્રો આચાર્ય હિતેશકુમાર વાય પટેલ અને અને પ્રમુખ મૌલિક કે પટેલ દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

### કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે આધુનિક ઓપરેશન થિયેટરનું અનાવરણ કરાયું



**આણંદ** | કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે સર્જિકલ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરવા માટે છ નવા અતિઆધુનિક ઓપરેશન થિયેટરનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ અતિ આધુનિક ઓપરેશન થિયેટર અગ્રણી સંસ્થાઓ અને વ્યક્તિગત દાતાઓના યોગદાનને કારણે શક્ય બન્યું છે. જેમાં એલિકોન ગ્રુપ ઓફ કંપનીઝ, નવીન ફ્લોરાઇન ઇન્ટરનેશનલ લીમિટેડ (મુંબઇ), ડાઉન ટાઉન મોટર્સ પ્રા. લી., જીએમએમ ફોડલર ફાઉન્ડેશન અને પદ્માવતીબહેન હંસલાલ પટેલનો સમાવેશ થાય છે. આશરે રૂ.4.5 કરોડના ખર્ચે ઉભી કરેલી આ સુવિધામાં નવા મેડિકલ ધોરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે દાતા નિરજભાઇ માંકડ, સુરેશભાઈ નાયર, રાધાશરણભાઈ પટેલ, બિમલભાઈ પટેલ, પદ્માવતીબહેન તથા તેમના પરિવારજનો હાજર રહ્યાં હતાં.

### બોરસદની ઝારોલા હાઈસ્કૂલનું ધો.12 સામાન્ય પ્રવાહમાં સો ટકા પરિણામ આવ્યું



**બોરસદ** | ઝારોલા ગામની હાઈસ્કૂલમાં બોર્ડની પરીક્ષામાં સતત ત્રીજા વર્ષે સામાન્ય પ્રવાહનું પરિણામ સો ટકા જ્યારે બાર વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 80 ટકા આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં પણ છેલ્લા ત્રણ વર્ષથી 80 ટકાથી વધુ પરિણામ આવે છે. પીલુદરા ગામથી ધોરણ 12ની વિદ્યાર્થિની મિતલબેન રણજીતભાઈ પઢિયારે 83% સાથે એ ટુ ગ્રેડ મેળવી સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે તૃપ્તિ ડાભીએ 79 ટકા,બી1 ગ્રેડ સાથે બીજું સ્થાન અને 76 ટકા સાથે બી 1 ગ્રેડ માં ભોઈ યશે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહમાં ડાભી જાનવી રાજેન્દ્રસિંહે 83 ટકા સાથે પ્રથમ સ્થાન, 82 ટકા સાથે પ્રજાપતિ આસ્થા મિતેશભાઈએ બીજું સ્થાન અને 81 ટકા સાથે રાઠોડ જાનવી ગિરીશભાઈએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

### આણંદમાં ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓનું પરિણામ ઉત્કૃષ્ણ રહ્યું

**આણંદ** | આણંદ ખાતે ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. હાઇસ્કૂલ, કસ્તૂરબા કન્યા વિદ્યાલય, વિ.જે.પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, ચરોતર ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ, સરદાર વલ્લભભાઇ પટેલ હાઇસ્કૂલ, ખેતીવાડી, મહાત્મા ગાંધી વિદ્યાલય, મોગરી શાળાઓએ તાજેતરમાં જાહેર થયેલા ધો. 12 અને 12ની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું છે. જેમાં A1 ગ્રેડ મેળવનારા તેજસ્વી વિદ્યાર્થીઓની કુલ સંખ્યા 41 છે. જેમાં ધોરણ 10ના 29 વિદ્યાર્થી, ધોરણ 12 (વિજ્ઞાન પ્રવાહ)ના 3 વિદ્યાર્થીઓ અને ધોરણ 12 (સામાન્ય પ્રવાહ)ના 9 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, A2 ગ્રેડ 231 વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યો છે.